ગાંધીનગર સમાચાર

ગાંધીનગર ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં વાઘણ 'નિધી'નુ મોત

# આજીવન સેવા ભેખધારી કોંગ્રેસી અગ્રણી કાસમબાપુનું અવસાન

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર તાલુકાના લિમ્બડીયા ગામના વતની અને પૂર્વ ધારાસભ્ય કાસમબાપુ તીરમીઝીનું આજે ૮૬ વર્ષની વયે દુઃખદ અવસાન થતાં સમગ્ર જિલ્લામાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

ગાંધીનગર જિલ્લાના આજીવન કોંગ્રેસ ભેખધારી સ્વ. કાસમબાપુનો જન્મ ૧લી જાન્યુઆરી ૧૯૩૧માં થયો હતો. ગાંધી વિચારધારાના હિમાયતી એવા કાસમભાઈની સાદગી સૌને સ્પર્શી ગઈ હતી. તેઓની કોંગ્રેસ પક્ષે ગાંધીનગરની બેઠક પર પાંચ વાર ઉમેદવાર તરીકે પસંદગી કરી હતી. એટલુ જ નહિ ૩૦ વર્ષથી પણ વધુ સમય સુધી તેઓ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ રહ્યા હતા.



સ્વ. કાસમ બાપુ ૧૯૮૦ અને ૧૯૮૫માં ગાંધીનગર જિલ્લાના ધારાસભ્ય તરીકે રહી ચુકયા છે. ખેડૂતો, બક્ષીપંચ તેમજ અનુ. જાતિ અને અનુ. જનજાતિના પ્રશ્નો માટે સતત લડત તંત્ર સામે તેમણે ચલાવી હતી.

તેઓએ રાજ્ય મંત્રીમંડળમાં પણ કૃષિ, પંચાયત અને સમાજકલ્યાણ વિભાગના મંત્રી તરીકે પણ સેવાઓ આપી હતી.

સ્વ. કાસમબાપુના આજે નિકળેલા જનાજામાં પ્રદેશ અગ્રણીઓ લાખાભાઈ ભરવાડ, જગદીશ ઠાકોર, નિશીત વ્યાસ, સૂર્યસિંહ ડાભી, સાગર રાયકા, પોપટલાલ પટેલ, સી.જે. ચાવડા, જશુભા રાણા, સેંધાજી ઠાકોર, પ્રહલાદજી ઠાકોર, ધુળાજી ઠાકોર, હિમાંશુ પટેલ (અડાલજ), કે.આર. પટેલ, વિઠ્ઠલભાઈ રબારી, રામાજી ઠાકોર, કાળુસિંહ રાઠોડ, રણવીરસિંહ સહિત સંખ્યાબંધ આગેવાનો અને કાર્યકરો જોડાયા હતા.

આજે સવારે નિત્યક્રમ મુજબ ઉઠી અને સ્નાન વિધિ માટે ગયેલા કાસમબાપુ બાથરૂમ નજીક જ પડી ગયા હતા અને તેમનું પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું.

**ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના પ્રથમ પ્રમુખ, ગાંધીનગરના પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટ મંત્રી કાસમબાપુના અવસાનથી જિલ્લાભરમાં ભારે શોક : મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, રાજ્યસભાના સભ્ય અહેમદભાઈ પટેલ, વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિત અનેક અગ્રણીઓની ભાવભીની અંજલિ**

તેમના દુઃખદ અવસાનના સમાચાર વાયુવેગે સમગ્ર જિલ્લામાં પ્રસરતાં જ રાજકીય પક્ષોના આગેવાનો મોટી સંખ્યામાં લિમ્બડીયા ખાતેના તેમના નિવાસસ્થાને ઉમટી પડ્યા હતા. ભાજપના વાડીભાઈ પટેલ, ગાંધીનગર મનપાના મેયર પ્રવિણભાઈ પટેલ સહિતના આગેવાનો પણ તેમના નિવાસસ્થાને દોડી ગયા હતા અને સ્વર્ગસ્થને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

સ્વ. કાસમબાપુ તેમની પાછળ એક દિકરો અને બે દિકરીને વિલાપ કરતા છોડી ગયા છે.

કર્મઠ અને નિષ્કંલક જીવન શૈલી તેમની જિલ્લો ક્યારેય વિસારી શકશે નહિ. જિલ્લામાં સેવાદળ સહિત કોંગ્રેસના સંગઠનમાં સતત કાર્યરત રહી તેમણે કોંગ્રેસી કાર્યકરોના જ નહિ પણ સમગ્ર જિલ્લાની જનતાના દિલ જીત્યા હતા.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રાજ્યના પૂર્વ મંત્રી અને પૂર્વ ધારાસભ્ય કાસમબાપુ તિરમીઝીના દુઃખદ અવસાન અંગે શોકની લાગણી વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ પાઠવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં મોડી સાંજે વરસાદનુ ઝાપટુ

## વરસાદી ઝાપટાથી શહેરમાં ઠંડકનુ મોજુ : સેકટરોમાં પાણીના ખાબોચિયા ઉભરાયા

ગાંધીનગર તા ૧૬

ગોરંભાયેલા વરસાદી વાતાવરણ વચ્ચે આકાશી નઝારો બદલાયો છે. આકાશમાં રોજબરોજ વરસાદી વાદળો ગોરંભાયેલા જોવા મળે છે. પરંતુ મેઘરાજા ઝરમર ઝાપટુ વરસાવી વિદાય લેતા નગરજનો હજુ પણ બફારો અનુભવી રહયા છે. શહેરમાં આજે સવારથી જ તડકી છાયડીના વાતાવરણ વચ્ચે બપોર બાદ સાંજના સમયે વરસાદી ઝાપટુ વરસતા સેકટરોમાં પાણીના ખાબોચિયા ભરાઈ ગયા હતા. મેઘરાજા મનમુકીને વરસ્યા ન હતા પરંતુ વાતાવરણમાં ઠંડક પ્રવર્તી હતી.

ગાંધીનગર જિલ્લામાં ખેતી માટે વાવણી લાયક વરસાદ થઈ જતા ખેડુતોમાં ખુશાલી વ્યાપી છે. વાવણીલાયક વરસાદ થતા ખેડુતો ખેતકામમાં લાગી ગયા છે. છેલ્લા બે દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદ હાથતાળી આપી જતા નગરજનો ઉકળાટનો ભોગ બન્યા હતા. આજે પણ વરસાદી વાદળાનો ઘેરાવા વચ્ચે દિવસ દરમિયાન આકાશી નઝારો બદલાયો હતો. દિનભરની તડકી છાયડી વચ્ચે સાંજના સમયે વરસાદ વરસ્યો હતો. વરસાદી ઝાપટાથી સેકટરોમાં પાણીના ખાબોચિયા ઉભરાયા હતા.મોડી સાંજે ઝાપટા બાદ પણ ઝરમર વરસાદ યથાવત રહયો હતો. શહેરમાં સિઝનનો ૬ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. બીજીતરફ વાવણી લાયક વરસાદના અંતે ખેડુતો ખેતીના કામમાં લાગી ગયા છે.



# ગાંધીનગર ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં વાઘણ 'નિધી'નુ મોત

## નિધી છેલ્લા ૭ વર્ષથી પ્રકૃતિ ઉદ્યાનમાં હતી ગઈકાલે તબિયત વધુ ખરાબ થતા ખોરાક લેવાનુ પણ બંધ કરી દીધુ હતુ : ૧૭ વર્ષની નિધીનુ ઉંમરના લીધે મોત

ગાંધીનગર તા ૧૬

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં નિધી નામની વાઘણનુ આજે મોત નિપજયુ હતુ. ૧૭ વર્ષ અને ત્રણ મહીનાની નિધી છેલ્લા ૭ વર્ષથી ગીર ફાઉન્ડેશનના પ્રકૃતિ ઉદ્યાનમાં હતી. અગાઉ વર્ષો પહેલા ગૌરવ નામના વાઘના મોત બાદ આ વાઘ વાઘણની જોડી તુટી હતી. ગઈકાલથી નિધીએ ખોરાક લેવાનુ પણ બંધ કરી દીધુ હતુ. નિધીના મોત બાદ આજે વિભાગના વેટરનિરી ડોકટરની ટીમ દ્વારા પી એમ પણ કરવામાં આવ્યુ હતુ. જેમાં ઉંમરના લીધે તેનુ મોત નિપજયુ હોવાનુ ધ્યાને આવ્યુ હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

ગાંધીનગર સ્થિત ગીર ફાઉન્ડેશનના પ્રકૃતિ ઉદ્યાનમાં અગાઉ ગૌરવ નામના વાઘ અને નિધી નામની વાઘણની જોડી પ્રકૃતિ પ્રેમીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બની હતી. જયારે આ જોડીનો અનુલક્ષી જીવદયાપ્રેમીઓમાં વિશેષ સંવેદના પ્રર્વતી હતી. જો કે વર્ષો અગાઉ ગૌરવનુ મોત નિપજ્યા બાદ આ વાઘ અને વાઘણની જોડી તુટી હતી. ગૌરવના મૃત્યુ બાદ આજે નિધી નામની વાઘણનુ પણ મોત નિપજયુ છે. નિધીને સાત વર્ષ અગાઉ અહીં લવાઈ હતી. જયારે ગઈકાલથી તેની તબિયત વધુ લથડતા તેણે ખાવાનુ પણ બંધ કરી દિધુ હતુ. જયારે આજે

● અનુસંધાન પાન-૭ પર

# સે. ઉમાંથી ડેન્ગ્યુનો કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરના સે. ઉમાંથી પહેલો ડેન્ગ્યુનો કેસ મળી આવ્યો છે. વ્યવસાયે તબીબ એવા આ દર્દીને હાલ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરને ડેન્ગ્યુ માટે સંવેદનશીલ વિસ્તારની યાદીમાં મુકવામાં આવ્યુ છે. મળતી વિગતો પ્રમાણે આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયેલ દર્દી વ્યવસાયે તબીબ છે અને ચાંદખેડા ખાતે પ્રેકટીસ કરી રહેલ છે. આજે સિવિલમાં પાંચ જેટલા શંકાસ્પદ દર્દીઓનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં બે ગાંધીનગર શહેરના અને ૧ ગ્રામ્યનો તથા બે બહારના દર્દીઓનો સમાવેશ થાય છે.

હોસ્પિટલના સૂત્રોમાંથી પ્રાપ્ત થયેલ વિગતો પ્રમાણે ચાર દર્દીઓના રિપોર્ટ નેગેટીવ આવ્યા છે. જ્યારે સે. ઉના આ દર્દીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. ડેગ્ન્યુનો કેસ મળી આવતાં જ શહેરી મેલેરીયા તંત્રએ દર્દીનું સરનામુ મેળવી અને તાબડતોબ ત્યાં એન્ટી લારવેલની કામગીરી હાથ ધરી હતી તેમજ ફોગીંગની કામગીરી પણ કરવામાં આવી હતી.

શહેરમાંથી ૩૫૦થી પણ વધુ સ્થાનોએથી ડેન્ગ્યુ ફેલાવતા મચ્છરોના પોરા તંત્રએ અત્યાર સુધીમાં શોધીને પોરાનાશક કામગીરી કરી છે જે ઉલ્લેખનીય છે.



સેવા યજ્ઞનો શુભારંભ - ગાંધીનગર રોટરી ક્લબના નવા વરાયેલા પદાધિકારીના શપથવિધિના પ્રથમ દિવસે સેવા યજ્ઞથી નવનિયુક્ત ટીમે કાર્યનો આરંભ કર્યો હતો... શહેરના એક હજાર ઝુંપડાવાસીઓને શનિવારની સાંજે રોટરી ક્લબના સભ્યોએ ઝુંપડે - ઝુંપડે ફરી થેપલા અને અથાણાના પેકેટનું વિતરણ કર્યું હતું... વરસતા વરસાદમાં જેમના ઝુંપડે ચુલો પણ સળગાવી શકાતો નથી અને ભૂખ્યા સુવું પડે એવા દર્દજનક પરિવારોનું અક્ષયપાત્રમાં તૈયાર કરાયેલા પેકેટ વહેંચાયા હતા... રોટરી ક્લબના તમામ પદાધિકારીઓ અને સભ્યો દ્વારા વરસતા વરસાદમાં સમાજના વંચિતો અને પીડિતોને ભોજન પહોંચાડવાનો અભિનવ અભિગમ પ્રસંશનીય રહ્યો....

# કલોલ-ગાંધીનગરમાં વરસાદી ઝાપટાથી વાતાવરણ પલ્ટાયુ

## કલોલમાં બે કલાકમાં એક ઈંચ વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આજે ૪ થી ૬ના ગાળામાં એક ઈંચથી વધુ અને ગાંધીનગર તાલુકામાં ૧૦ મિ.મિ. જેટલો વરસાદ નોંધાતાં વાતાવરણમાં પલ્ટો આવ્યો છે.

આજે સવારથી જ ઉકળાટભર્યુ વાતાવરણ હતુ અને સાંજના સવાચારના સુમારે વરસાદનું આગમન થતાં લોકોએ રાહત અનુભવી હતી. મળતી વિગતો પ્રમાણે આજે સાંજે કલોલ અને ગાંધીનગરમાં વરસાદ નોંધાયો છે જ્યારે દહેગામ તેમજ માણસા તાલુકામાં વરસાદ થયો નથી.

વરસાદી ઝાપટા પછી પણ આકાશ ગોરંભાયેલુ રહેતાં વરસાદ હજુ થશે તેમ માનવામાં આવી રહ્યું છે. વરસાદના આગમનની સાથે જ જિલ્લામાં ખેતીની વાવણીનું કામ વેગીલુ બન્યુ છે. અત્યાર સુધી કલોલ તાલુકામાં ઓછો વરસાદ જિલ્લાના અન્ય તાલુકામાં નોંધાયો હતો. આજે એક ઈંચથી પણ વધુ વરસાદ થતાં કલોલ તાલુકામાં લોકોએ રાહત અનુભવી છે.

ગાંધીનગર શહેર અને તાલુકામાં પણ વરસાદનું સારૂ ઝાપટુ નોંધાયું હતુ. બપોરના ૨॥ વાગ્યાથી ઉકળાટનું વાતાવરણ વધ્યુ હતુ. બપોરે ૩ વાગે ચિલોડા પંથકમાં હળવા છાંટા શરૂ થયા હતા અને ચાર વાગ્યા પછી સમગ્ર તાલુકામાં વરસાદ નોંધાયો હતો.

જિલ્લામાં અત્યાર સુધીમાં સરેરાશ ૧૬૨ મિ.મિ. જેટલો વરસાદ થઈ ચુક્યો છે. જિલ્લાના ચારેય તાલુકામાં વાવણીલાયક વરસાદને પગલે ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# ગુજરાત દેશનું શ્રેષ્ઠ કામગીરી કરતું રાજ્ય : આનંદીબેન

## ગુજરાતમાં ૯૧.૨૬ ટકા યુવાઓની આધાર સ્કીમ હેઠળ નોંધણી : ગુજરાત દેશમાં અનેક સુરક્ષિત રાજ્યોમાંનું એક

અમદાવાદ, તા.૧૬

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગુજરાત સરકારની સામાજિક-આર્થિક વિકાસને વધુ ઝડપી બનાવીને રાષ્ટ્રીય પ્રગતિ માટે સંપૂર્ણ પ્રતિબધ્ધતા વ્યક્ત કરી છે. ગુજરાત ભારતના અનેક શ્રેષ્ઠ કામગીરી કરતા રાજ્યોમાંનું એક રાજ્ય છે અને દેશમાં ગુડ ગવર્નન્સ માટે રાજ્યો વચ્ચે સહયોગ અને સહકારની અપેક્ષા રાખે છે તેમ તેમણે જણાવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષપણામાં નવી દિલ્હી ખાતે યોજાયેલી ઈન્ટરસ્ટેટ કાઉન્સીલની ૧૧મી બેઠકમાં મુખ્યમંત્રી સહભાગી થયા હતા. આનંદીબેન પટેલે આર્થિક વિકેન્દ્રિકરણ, વધુ સારા સંકલન અને સહકાર માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદાની આગેવાની હેઠળની એનડીએ સરકારને બિરદાવી હતી.



તેમણએ જણાવ્યું કે ઈન્ટરસ્ટેટ કાઉન્સિલ એ કેન્દ્ર અને રાજ્યના પગલાંઓને એકરૂપ કરવા માટેનું બંધારણીય સાહસ છે. તેનો અસરકારક ઉપયોગ સહકારી સમવાયતંત્રને કાયદેસરતા આપશે. ૧૦ વર્ષના લાંબા ગાળા બાદ યોજાઈ રહેલી ઈન્ટરસ્ટેટ કાઉન્સિલની બેઠક યોજવા માટે તેમણે વડાપ્રધાન અને ગૃહ રાજ્યમંત્રીને શુભેચ્છા પાઠવી હતી. આનંદીબેને આ બેઠકમાં જણાવ્યું કે ગુજરાત સરકાર તેની બેસ્ટ પ્રેક્ટિસીઝ બીજા રાજ્યો સાથે શેર કરવા અને તેમની પાસેથી શીખ માટે હંમેશા તત્પર છે. ભારત સરકારે મુખ્ય ચાર એજન્ડાઓ પર ચર્ચા કરવા માટે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ અને લેફ્ટનન્ટ ગવર્નર્સની આજે આ બેઠક યોજી હતી. બેઠકમાં જે ચાર મુખ્ય એજન્ડા સમાવિષ્ઠ કરાયા હતા તેમાં (૧) પૂંછી કમિશનની ભલામણઓ (૨) સબસિડી, લાભો અને જાહેર સેવાઓ માટે ઓળખકર્તા તરીકે આધારનો ઉપયોગલ (૩) શિક્ષણની ગુણવત્તા, સુધારણા અને સુધારાત્મક

● અનુસંધાન પાન-૭ પર

HOT SPOT in HOT SEASON for FAMILY PICNIC
નિરવતાનો રવ...
bansari Greens



Managed by :
Special Discount Packages for two Persons*
2 Night Stay @ Rs. 8,500 + Tax (Monday to Friday) (Except Festivals)
2 Night Stay @ Rs. 9,500 + Tax (Saturday-Sunday & Holidays)
Offer Includes Lunch - Hi-tea - Dinner & Morning Breakfast.
We also offer indoor - outdoor Games & Swimming.
* conditions apply
For Booking Call
Ashish Soni : 70690 96551
Biren Shrimali : 99249 31224
Hiren Mehta : 70690 96550
Nr. Grambharti, Gandhinagar-Mahudi Road, At. Aluva, Dist. Gandhinagar.
e-mail : info@bansarigreensresort.com, www.bansarigreensresort.com

Walk in Interview
આપના વિસ્તારમાં
ભારત સરકાર દ્વારા માન્ય, પ્રતિષ્ઠિત કંપની માટે :
● શું તમે એક ઉજ્જવળ કારકિર્દીની શોધમાં છો ?
● શું તમને નથી લાગતું કે વધતી મોંઘવારીની સામે તમારા પરિવારને દર મહિને એક Extra Incomeની જરૂર છે ?
જોઈએ છે
● પાર્ટ ટાઈમ / ફુલ ટાઈમ ● અનુભવી / બિનઅનુભવી ● Male/Female
● ઉંમર : ૨૫-૬૫ વર્ષ ● શૈક્ષણિક લાયકાત : H.S.C. & Graduate
● ગૃહિણીઓ માટે પણ ખાસ તક ● રીટાયર્ડ વ્યકિત માટે
● તાલીમ સાથે દર મહિને ફિક્સ સ્ટાઈપેન્ડ (Stipend) પણ આપવામાં આવશે.
મો. : ૯૯૦૯૨ ૮૮૫૮૧

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com